ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે એસીબીનો સંપર્ક કરતા આખી પોલ ખુલ્લી પડી ગઈ

# નડિયાદ કચેરીનો લાયસન્સ સર્વેયર ૯૦ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપાયો

**છટકું** ગોઠવી ભ્રષ્ટ કર્મચારીને લાંચના નાણાં સાથે પકડી કાર્યવાહી હાથ ધરી



(પ્રતિનિધિ) નડિયાદ, તા.૫

નડિયાદની જમીન દફતર કચેરીનો લાયસન્સ સર્વેયર એક જાગૃત નાગરિક પાસેથી જમીનની માપણી કરી ખુંટ મારવાના અવેજ પેટે 90000 રૂપિયાની લાંચ લેતા આણંદ એસીબીના હાથે રંગેહાથ ઝડપાઈ ગયો છે. ભ્રષ્ટ સર્વેયરે કોઈ વાંધો ન કાઢવા માટે આ મોટી રકમની માંગણી કરી હતી પરંતુ ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે એસીબીનો સંપર્ક કરતા આખી પોલ ખુલ્લી પડી ગઈ હતી.

ખેડા જિલ્લાના નડિયાદ ખાતે આવેલી જિલ્લા નિરીક્ષક જમીન અને દફતર કચેરીમાં ફરજ બજાવતો લાયસન્સ સર્વેયર દીલીપસિંહ બુધાજી ઉર્ફે બુધાભાઈ ચૌહાણ લાંચિયા પ્રવૃત્તિમાં સંડોવાયેલો હોવાનો પર્દાફાશ થયો છે. એક જાગૃત નાગરિકે પોતાના અને પોતાના ભાઈ તેમજ પિતરાઈ ભાઈઓના નામે વર્ષ 2023 માં ખેતીલાયક જમીન ખરીદી હતી. આ જમીનના કુલ ક્ષેત્રફળમાંથી ભાગની વહેંચણી કરવા માટે તેમણે ગુજરાત સરકારની આઈઓઆરએ વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરી હતી. અરજીના અનુસંધાને સર્વેયર દીલીપસિંહ ચૌહાણ જમીન પર ગયો હતો અને માપણી કરીને નિવેદનો લીધા હતા પરંતુ હિસ્સા માપણીનો ખુંટ માર્યો ન હતો. ફરિયાદીએ સર્વેયરને ખુંટ મારવા માટે વારંવાર રજૂઆત કરી હતી. જેના જવાબમાં દીલીપસિંહે માપણીની કામગીરી પૂરી કરવા અને ભવિષ્યમાં કોઈ વાંધા ન કાઢવા માટે સીધી જ 90000 રૂપિયાની લાંચ માંગી હતી. ફરિયાદી આ લાંચની રકમ આપવા માંગતા ન હોવાથી તેમણે તાત્કાલિક આણંદ એસીબી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદના આધારે આણંદ એસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર આર એન વિરાણી અને તેમની ટીમે લાંચિયા બાબુને પકડવા માટે છટકું ગોઠવ્યું હતું.

શુક્રવારે 5 જૂન 2026 ના રોજ નડિયાદ બસ સ્ટેશનની બહાર આવેલા સાંઈબાબા પકોડી સેન્ટરની અંદર લાંચના છટકાનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં નક્કી થયા મુજબ ફરિયાદી લાંચના નાણાં લઈને પહોંચ્યા હતા. સર્વેયર દીલીપસિંહે ફરિયાદી સાથે લાંચની માંગણી અંગે વાતચીત કરી હતી અને ત્યારબાદ 90000 રૂપિયાનો સ્વીકાર કર્યો હતો. લાંચની રકમ સ્વીકારતા જ ત્યાં ગોઠવાયેલી એસીબીની ટીમે ત્રાટકીને તેને રંગેહાથ પકડી લીધો હતો અને લાંચની રકમ પણ રિકવર કરી લીધી હતી.

# વિરપુર અપહરણ કેસમાં નાસતા ફરતા આરોપીની ધરપકડ કરાઈ



(પ્રતિનિધિ) વિરપુર તા.૫

મહીસાગર જિલ્લાના વિરપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણના ગુનામાં નાસતા ફરતા આરોપીને મહીસાગર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસ.ઓ.જી.) દ્વારા ઝડપી પાડવામાં સફળતા મળી છે. જિલ્લા પોલીસ વડા અને ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ આરોપીને પકડવા માટે અલગ-અલગ ટીમોની રચના કરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ વિરપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં સંડોવાયેલ આરોપી રવિભાઈ મોહનભાઈ નાયક (રહે. મોટી પાલ્લી, તાલુકો લુણાવાડા, જિલ્લા મહીસાગર) લાંબા સમયથી ફરાર હતો. એસ.ઓ.જી.ના પીઆઈ અને સ્ટાફને મળેલી બાતમીના આધારે આરોપી વિરપુર તાલુકાના બાલાસિનોર રોડ વિસ્તારમાં હાજર હોવાની માહિતી મળી હતી.

બાતમીના આધારે એસ.ઓ.જી.ની ટીમે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી અને સ્થળ પર પહોંચીને આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારબાદ આરોપીને વધુ તપાસ અને જરૂરી કાર્યવાહી માટે વિરપુર પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો હતો.

મહીસાગર પોલીસ દ્વારા કરવામાં આવેલી આ સફળ કામગીરીથી અપહરણ જેવા ગંભીર ગુનામાં સંડોવાયેલા ફરાર આરોપીને કાયદાના શિકંજામાં લાવવામાં મહત્વપૂર્ણ સફળતા પ્રાપ્ત થઈ છે.

# બોરીયાવી બ્રિજ નીચે અકસ્માતમાં વૃદ્ધનું મોત

(પ્રતિનિધિ) આણંદ, તા.૫

બોરીયાવી બ્રિજ નીચે ગઈકાલે મોડી રાત્રે એક કાળજું કંપાવી દેનારી અકસ્માતની ઘટના સામે આવી છે. વડોદરા તરફથી આવી રહેલા એક બેફામ ટ્રકના ચાલકે ડિવાઈડર પાસે સૂતેલા ૬૦ વર્ષીય વૃદ્ધના બંને પગ પર ટ્રકના પાછળના વ્હીલ ચઢાવી દેતા વૃદ્ધનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે.

બોરીયાવી લીમડા ચોક કાળકા માતાવાળા ફળિયામાં રહેતા અને છૂટક મજૂરી કરતા મનુભાઈ બબુભાઈ રાઠોડ (ઉ.વ. ૬૦) ઘણીવાર રસ્તાની આજુબાજુ ખુલ્લી જગ્યામાં સૂઈ જતા હતા. ગુરુવારે રાત્રે તેઓ બોરીયાવી બ્રિજ નીચે રોડ ડિવાઈડર પાસે સૂતા હતા. તે દરમિયાન વડોદરા તરફથી આવી રહેલી ટ્રક (નંબર MH-૧૪-LX-૮૫૨૦) ના ચાલક રાજેન્દ્રસિંગ નથનેસિંગ કુશ્વાહા (રહે. ચેમ્બુર, મુંબઈ) એ પોતાના કબજાની ટ્રક ગફલતભરી રીતે ચલાવીને બ્રિજ નીચેથી યુ-ટર્ન લેવાનો પ્રયાસ કર્યો હતો. આ સમયે ચાલકે ડિવાઈડર પાસે સૂતેલા મનુભાઈને અડફેટે લઈ તેમના બંને પગ પર ટ્રકનું તોતિંગ ટાયર ચઢાવી દીધું હતું, જેના કારણે તેમના બંને પગ ફાટી ગયા હતા અને ગંભીર ઈજાઓ થઈ હતી.

જે અંગે મનુભાઈના પુત્ર મયુર રાઠોડને ફોન દ્વારા જાણ કરી હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત વૃદ્ધને વડોદરાની એસએસજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેમણે દમ તોડ્યો હતો. આણંદ રૂરલ પોલીસે મૃતકના પુત્રની ફરિયાદના આધારે મુંબઈના ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# મહુધા પાલિકામાં સફાઈના નામે કરોડોની ગેરરીતિ મામલે આમરણાંત ઉપવાસની ચિમકી

**વોર્ડ નંબર** ૧ માં ગંદકી અને રોગચાળા મુદ્દે સીએમ સ્વાગતમાં ફરિયાદ કરી ૧૫ ઓગસ્ટે ઉપવાસ પર બેસવાની ચિમકી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૫

મહુધા નગરપાલિકાના વોર્ડ નંબર ૧ માં પારાવાર ગંદકી અને મચ્છરોના ઉપદ્રવથી ત્રસ્ત એક જાગૃત નાગરિકે મુખ્યમંત્રી સ્વાગત ઓનલાઈન કાર્યક્રમમાં લેખિત ફરિયાદ કરી છે. સરકારની કરોડો રૂપિયાની ગ્રાન્ટ છતાં ખોટા બિલો બનાવી ભ્રષ્ટાચાર થતો હોવાના ગંભીર આક્ષેપો સાથે ૩૦ દિવસમાં સફાઈ નહીં થાય તો ૧૫ ઓગસ્ટે આમરણાંત ઉપવાસ પર ઉતરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

ખેડા જિલ્લાના મહુધા તાલુકામાં આવેલી નગરપાલિકામાં સ્પષ્ટ બહુમતી સાથે ભાજપનું શાસન છે પરંતુ વોર્ડ નંબર ૧ પછાત વિસ્તાર તરીકે ઉભરી આવ્યો છે. અહીં આવેલા તળાવમાં પુષ્કળ પ્રમાણમાં ગંદકી કાદવ કીચડ અને જંગલી વેલ ઉગી નીકળતા મચ્છરોનો ભારે ઉપદ્રવ થયો છે. ફળીયા અને ફિણાવ ભાગોળ વિસ્તારમાં ગંદકીના ઢગલા ખડકાયેલા છે જેના કારણે નગરમાં રહેવું મુશ્કેલ બની ગયું છે. સરકાર દ્વારા સફાઈ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવે છે છતાં ખોટા ખર્ચા અને ખોટા બિલો મુકીને નાણાં ચાઉં કરવામાં આવતા હોવાનો ગંભીર આક્ષેપ સ્થાનિક રહીશ મલેક ઈરસાદ હુસૈને મુખ્યમંત્રીને કરેલી રજૂઆતમાં કર્યો છે. ડમ્પીંગ સ્ટેશનની સાફસફાઈ થતી નથી અને કચરો રસ્તા પર જ પડી રહે છે. આ ગંદકી અને ગંદા પાણીના નિકાલના અભાવે મહુધામાં પગના અને અન્ય રોગોનો ભારે ફેલાવો થયો છે. સ્થાનિક સરકારી દવાખાનામાં રોજના 100 થી ૨૦૦ કેસ આવતા હોવા છતાં તબીબો ઉંઘતા હોવાનો અને નગરપાલિકાના ચીફ ઓફિસર પ્રમુખ સેનેટરી ઈન્સ્પેક્ટર કે ચેરમેન દ્વારા કોઈ જ નક્કર કાર્યવાહી ન થતી હોવાનો રોષ વ્યક્ત કરાયો છે. આ સમગ્ર મામલે કોઈ આઈએએસ અધિકારી દ્વારા તપાસ કરવામાં આવે તો 'દૂધનું દૂધ અને પાણીનું પાણી' થઈ શકે તેમ છે.

**ત્રીસ દિવસમાં સમસ્યા નિવારવા અલ્ટીમેટમ**

વોર્ડ નંબર ૧ માં જો ૩૦ દિવસમાં સાફસફાઈ કરીને ગંદકી કાદવ કીચડ અને જંગલી વેલ દૂર કરવામાં નહીં આવે તો આગામી ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ નગરપાલિકા કચેરી પાસે આમરણાંત ઉપવાસ પર બેસવાની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપવાસ દરમિયાન જો કંઈ પણ અઘટિત થશે તો તેની તમામ જવાબદારી લાગતા વળગતા અધિકારીઓ અને પદાધિકારીઓની રહેશે તેવી સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે.

# આંકલાવના લાલપુરા ગામમાં વેપારીના ઘરે તસ્કરો ત્રાટક્યા

(પ્રતિનિધિ) આંકલાવ, તા.૫

આંકલાવ તાલુકાના લાલપુરા ગામે કિંખલોડ રોડ પર આવેલા એક ખેતરના મકાનને તસ્કરોએ નિશાન બનાવી સનસનાટી મચાવી દીધી છે. અજાણ્યા ચાર બુકાનીધારી ચોરોએ મકાનની બારીની લોખંડની ગ્રીલ તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને તિજોરીનું લોકર તોડીને રોકડા ૧,૨૦,૦૦૦ તથા ૭૦૦ અમેરિકન ડોલર (ભારતીય ચલણ મુજબ કિંમત ૬૭,૨૦૦) મળી કુલ ૧,૮૭,૨૦૦ ની મતા ચોરી કરી રફુચક્કર થઈ ગયા છે.

લાલપુરા મોટી ખડકી વિસ્તારમાં રહેતા અને તમાકુનો વ્યવસાય કરતા પીનાકિનભાઈ કનુભાઈ પટેલની કિંખલોડ રોડ પર ખરી આવેલી છે. આ ખરીમાં તેમના માતા મયુરીબેન એકલા રહે છે. ગુરૂવારે રાત્રિના સમયે મયુરીબેન ગેલેરીમાં સૂતા હતા, ત્યારે વહેલી સવારે સાડા ચારેક વાગ્યે બાથરૂમ જવા નીકળ્યાં હતા.ત્યારે રૂમનો દરવાજો અંદરથી બંધ જણાયો હતો. જેથી તેમણે તાત્કાલિક પુત્ર પીનાકિનભાઈને ફોન કરી બોલાવ્યા હતા.

પીનાકિનભાઈએ આવીને વેન્ટિલેશનની બારીમાંથી હાથ નાખી સ્ટોપર ખોલી અંદર જોયું તો રૂમની બારી અને તિજોરીનું લોકર તૂટેલું હતું તેમજ સામાન વેરવિખેર હતો. તિજોરીનું લોકર તોડીને રોકડા ૧,૨૦,૦૦૦ તથા ૭૦૦ અમેરિકન ડોલર જેની ભારતીય કિંમત ૬૭,૨૦૦ મળી કુલ ૧,૮૭,૨૦૦ ની મતા ચોરી તસ્કરો પલાયન થઈ ગયા હતા.જે અંગે પીનાકિનભાઈએ પોલીસને જાણ કરાતા સ્ટાફ દોડી આવ્યો હતો. આંકલાવ પોલીસે અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદના અગાસમાં મહિલાઓ માટે ફળ-શાકભાજી પરિક્ષણની તાલીમ યોજાઈ



**આણંદ** | આણંદ જિલ્લાના અગાસ ગામે બાગાયત વિભાગ દ્વારા મહિલા સશક્તિકરણ અને કુપોષણ નિવારણના હેતુથી બે દિવસીય તાલીમ શિબિર યોજવામાં આવી હતી. આ તાલીમમાં ૨૭ મહિલાઓને સ્ટાઈપેન્ડ સાથે વિવિધ ફળ-શાકભાજીની વાનગીઓ અને શરબત બનાવવાની પ્રાયોગિક સમજ પૂરી પાડવામાં આવી હતી. નાયબ બાગાયત નિયામકે આ તાલીમ થકી બહેનોને સ્વરોજગાર મેળવી આત્મનિર્ભર બનવા અને ગૃહ ઉદ્યોગ શરૂ કરવા અનુરોધ કર્યો હતો. રસ ધરાવતી મહિલાઓ હાલ આઈ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઇન અરજી કરી આવી તાલીમનો લાભ મેળવી શકે છે.

### કઠાણામાં 'ખેત બચાવો અભિયાન' હેઠળ ૫૪ ખેડૂતોએ મેળવી પ્રાકૃતિક ખેતીની તાલીમ

**કઠલાલ** | કઠલાલ તાલુકાના કઠાણા ગામે આયોજિત તાલીમમાં ખેડૂતોને રાસાયણિક પ્રદૂષણથી ધરતીને બચાવવા માટે પ્રાકૃતિક ખેતી અપનાવવા માર્ગદર્શન અપાયું હતું. આ કાર્યક્રમમાં માનવ સ્વાસ્થ્ય અને પર્યાવરણની સુરક્ષા માટે પ્રાકૃતિક ખેતીના મહત્વ અને તેનાથી થતા ફાયદાઓ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. ખેડૂતોને બાગાયતી પાકો, ખેડૂતલક્ષી વિવિધ સરકારી યોજનાઓ અને ખાતરોના સંતુલિત ઉપયોગ અંગે તજજ્ઞો દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કૃષિ નિષ્ણાતોએ ખેડૂતોને ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવવા અને જમીનની ફળદ્રુપતા જાળવી રાખવા માટે વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવવા પ્રેરણા આપી હતી.



ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### નડિયાદના કમળામાં કેમ્પ દ્વારા ૧૦૨ વ્યક્તિઓનું નિદાન કરવામાં આવ્યું

**નડિયાદ** | 'પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન ૨.૦' અંતર્ગત કમળા, અરેરા અને હરિદાસ આરોગ્ય કેન્દ્રો ખાતે ૧૦૨ લોકોના સફળતાપૂર્વક ચેસ્ટ એક્સ-રે કરવામાં આવ્યા હતા. આ કેમ્પમાં ડાયાબિટીસ, નબળો BMI અને ધૂમ્રપાન કરનાર હાઈ-રિસ્ક ગ્રુપના લોકોનું વિશેષ સ્ક્રિનિંગ કરી જરૂરી દવાઓનું વિતરણ કરાયું હતું. જિલ્લા ક્ષય અધિકારી ડો. ડી. એન. બારોટે વહેલા નિદાન અને સમયસર સારવાર દ્વારા ટીબી મુક્ત ભારતના સંકલ્પને સાકાર કરવા પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે મુખ્ય આરોગ્ય અધિકારી ડો. વી. એસ. ધ્રુવેના માર્ગદર્શન હેઠળ ૧૦૦ દિવસીય અભિયાનના ભાગરૂપે યોજવામાં આવ્યો હતો.



### આણંદના ગાના સ્થિત જીએસપીએલ ગેસ પ્લાન્ટમાં આણંદ ફાયર બ્રિગેડ દ્વારા મોકડ્રીલ યોજાઈ

**આણંદ** | આણંદના ગાના સ્થિત ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ (GSPL) પ્લાન્ટમાં ફાયર વિભાગ દ્વારા PNGRB લેવલ-II ની મોકડ્રીલનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ફાયર ઓફિસર ધર્મેશ ગોરની આગેવાનીમાં ટીમ દ્વારા ફોમ ટેન્ડર અને કેમિકલ સાથે પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાનું નિદર્શન કરાયું હતું. આ કવાયતનો મુખ્ય હેતુ ભવિષ્યમાં સર્જાનારી આકસ્મિક આગની ઘટનાઓ સામે સુરક્ષા સજ્જતા અને સ્ટાફની કામગીરીની ચકાસણી કરવાનો હતો. GSPLના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં યોજાયેલી આ મોકડ્રીલ દરમિયાન કોઈ પણ પ્રકારની જાનહાનિ થયેલ નથી.



### એસ ટી ખેડા ડેપોના સ્ટાફ દ્વારા પર્યાવરણ દિન નિમિત્તે ક્લાઈમેટ ચેન્જ જન જાગૃતિ રેલી

**નડિયાદ** | નડિયાદ વિભાગ એસ ટી ખેડા ડેપોના સ્ટાફ દ્વારા પર્યાવરણ દિવસ નિમિત્તે ક્લાઈમેટ ચેન્જ જન જાગૃતિ રેલી યોજવામાં આવી હતી. વિભાગીય નિયામક સી. ડી. મહાજન પરિવહન અધિકારી ઇન્દ્રવદન નાઈ, ડેપો મેનેજર એફ. એમ. મલેક,એ ટી આઈ ભરવાડ તેમજ યુનિયન પ્રતિનિધિની ઉપસ્થિતિમાં રેલીના અંતે ઇકો ફ્રેન્ડલી બેગ તેમજ પક્ષીઘરનું ત્યાં હાજર મુસાફરોને વિનામૂલ્યે કરવામાં આવ્યું હતું.



### ખેડામાં વિશ્વ પર્યાવરણ દિવસ નિમિતે સાસંદ અને ધારાસભ્યના હસ્તે વૃક્ષારોપણ

**ખેડા** | ખેડાના બહારપુરાના મુસ્લિમ યુવા સમિતિ દ્વવારા પાણીની પરબ પાછળ વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.જેમાં સાંસદ દેવુસિંહ ચૌહાણ,માતરના ધારાસભ્ય કલ્પેશભાઈ પરમાર,ખેડા તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિકભાઈ પટેલ,ખેડા નગરપાલિકા પ્રમુખ સહીત પાલિકા સભ્યો સહીત મોટી સંખ્યામાં મુસ્લિમ ભાઈઓ ઉપસ્થિત રહ્યાં હતા. આગામી આજ જગ્યાએ તારીખ ૭ ના રોજ મુસ્લિમ એક્તા ગ્રુપ દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૦૦૦ બોટલનો તેમનો લક્ષ્યાંક છે.



### ખેડા તાલુકા પંચાયતમાં પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેને પદભાર સંભાળ્યો



**ખેડા** | ખેડા તાલુકા પંચાયત ખાતે પ્રમુખ પ્રતીકકુમાર પટેલ,ઉપપ્રમુખ શ્રીમતી પ્રીતિબેન નરેશભાઈ ગોહેલ અને કારોબારી ચેરમેન રસિકભાઈ બારૈયાએ ખેડા સાંસદ દેવુસિંહ ચૌહાણ,જિલ્લા પંચાયત પ્રમુખ હિતેશભાઈ તડવી, માતરના ધારાસભ્ય કલ્પેશભાઈ પરમાર,મહેમદાવાદના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણ,ઠાસરાના ધારાસભ્ય યોગેન્દ્રસિંહ પરમાર સહીત ભાજપ સંગઠનના જિલ્લા અને તાલુકાના સભ્યોની હાજરીમા પોતાનો પદભાર સંભાડ્યો ત્યારે સૌ એ તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.

### માતરમાં વાત્રક નદી કિનારે મામલતદારની અધ્યક્ષતામાં મોકડ્રિલ યોજાઇ



**માતર** | માતરમાં પસાર થતી વાત્રક નદી ખાતે ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા એક મોકડ્રિલનુ આયોજન કરવામાં આવ્યું હતું તેમાં હેલ્થ વિભાગ ખેડા ફાયર બ્રિગેડની ટીમે ભાગ લઈને મોકડ્રિલ કરી હતી. જેમાં ડૂબતા વ્યક્તિને કેવી રીતે બહાર કાઢીને તેને તાત્કાલિક શું સારવાર આપવી અને તેને કેવી રીતે હોસ્પિટલ પહોંચાડવો તેનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. સમગ્ર આયોજન માતર મામલતદારની અધ્યક્ષતામાં થયું હતું.આ સમયે ૧૦૮ ની ટીમ અને સ્થાનિક ગ્રામજનો પણ જોડાયા હતા.

### આણંદની ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશનનું સેમિસ્ટર-૪ નું ૧૦૦ ટકા પરિણામ



**આણંદ** | ગુજરાત ક્રિશ્ચિયન સર્વિસ સોસાયટી મેનેજર્સ આઈ. પી. મિશન ટ્રસ્ટ સંચાલિત ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદમાં વર્ષ : ૨૦૨૫-૨૬ અંતર્ગત સેમિસ્ટર-૪ નું પરિણામ ૧૦૦% પ્રાપ્ત થયેલ છે. જેમાં કોલેજ ટોપ-૧૦ માં કુલ ૧૧ તાલીમાર્થીઓ આવ્યા હતા. કોલેજ પ્રથમ સીમા વ્હોરા (9.63-GPA), દ્વિતીય ક્રમે એલેક્ષ ક્રિશ્ચિયન(9.60-GPA), તૃતિય ક્રમે જાવેદા વ્હોરા (9.59 -GPA), ચોથા ક્રમે બે તાલીમાર્થીઓ (9.50-GPA) મેળવીને હેતલ ઠક્કર અને નસરીન મિર્ઝા જ્યારે પાંચમા ક્રમે બુસરા સૈયદ (9.47-GPA) મેળવ્યા હતા. ત્યારબાદ ઇલા પઢિયાર (9.44-GPA) મેળવીને છઠ્ઠા સ્થાને, કિંજલ પરમાર (9.43-GPA) મેળવીને સાતમાં ક્રમે, અનિશ મલેક (9.42-GPA)આઠમાં, પ્રિયાંશી ખ્રિસ્તી (9.40-GPA) મેળવીને નવમા અને મુસ્કાન મલેક (9.33-GPA) મેળવીને દશમાં સ્થાને આવ્યા હતા.

### આણંદ કૃષિ યુનિવર્સિટી, વસો ખાતે બારમો વાર્ષિકોત્સવ "વસોધરા-૨૦૨૬" યોજાયો



**આણંદ** | કૃષિ મહાવિદ્યાલય અને કૃષિ પોલિટેકનીક, આણંદ કૃષિ યુનિવર્સિટી વસો ખાતે ડો. એન. આઇ. શાહ, કુલપતિ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના અધ્યક્ષસ્થાને તા. ૨-૩ જુન, ૨૦૨૬ના રોજ બારમા વાર્ષિક દિવસ-"વસોધરા ૨૦૨૬"નો કાર્યક્રમ યોજાયો હતો. સદર સમારંભમાં મુખ્ય અતિથી તરીકે ડો. જે. એ. પટેલ, ડિરેક્ટર (આર એન્ડ ડી), વેસ્ટર્ન એગ્રો સીડ્સ લિ., ગાંધીનગર તેમજ અતિથી વિશેષ તરીકે સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ ડો. એસ. એન. શાહ, ડો. ડી. એચ. પટેલ, વિદ્યાર્થી કલ્યાણ નિયામક, ડો. એસ. આર. પટેલ, ડીન, કૃષિ વિદ્યાશાખા તથા ડો. જી. આર. પટેલ, કુલસચિવ, આણંદ કૃષિ યુનિવર્સિટી ઉપસ્થિત રહ્યા હતા અને પ્રસંગને દિપાવ્યો હતો. વિવિધ કોલેજના પ્રિન્સીપાલ અને ડિન, વિભાગીય વડાઓ, આગેવાનો સર્વે ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભા વધારી હતી.

### આણંદની વિ. ઝેડ. પટેલ કોમર્સ કોલેજના પાંચ છાત્રોએ યુનિ. કક્ષાએ પ્રથમ ૧૦ ક્રમાંકમાં સ્થાન મેળવ્યું

**આણંદ** | સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા એપ્રિલ ૨૦૨૬માં આયોજિત બી.કોમ. સેમેસ્ટર-૪ ની પરીક્ષામાં ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી વિ. ઝેડ. પટેલ કોમર્સ કોલેજના પાંચ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ ૧૦ ક્રમાંકમાં સ્થાન મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. આ સફળતામાં ધ્રુવીશા પરમારે ૮૫.૫૦ ટકા સાથે સાતમો ક્રમાંક, મૌલી કાછીયા, હેતકુમાર પટેલ તેમજ નાઝમીનબાનું મલેકે ૮૪.૫૦ ટકા સાથે આઠમો ક્રમાંક અને ભાવીશા રાજે ૮૨.૭૦ ટકા મેળવી દસમો ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. આ સિદ્ધિ બદલ સંસ્થાના મંત્રી કેતનકુમાર પટેલ, કાર્યકારી આચાર્યા ડો. ભારતીબેન ડી. રાજ, વર્ગ શિક્ષક ડો. દીપ જી. વાઘેલા, રવિકુમાર જી. દરજી તેમજ સમગ્ર સ્ટાફ પરિવારે હાર્દિક અભિનંદન પાઠવી શુભેચ્છાઓ પાઠવી હતી.